રજુ તારીખ:– ૧૯–૦૯–૨૦૧૭
દા.તારીખ : – ૧૯–૦૯–૨૦૧૭
ફેંસલ તારીખ:–૧૨–૦૬–૨૦૧૮
અવધિ:– વ. મા. દિ.
૦૦ ૦૮ ૨૪

**ભાવનગરના ૮'માં એડિ.ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટ સમક્ષ, ભાવનગર**

**રે.દિ.કેસ નં.૨૦૪૨/૨૦૧૭.**

**આંક–૧૮**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
ઘોઘા સબ ડિવિઝન, ઘોઘા,
તા.ઘોઘા, જિ.ભાવનગર. ... ... .....વાદી.

**વિ રૂ દ ધ**

વલ્લભભાઈ મકાભાઈ કંટારીયા,
ઉ.વ.પુખ્ત, ધર્મે.: હિન્દુ,
ઠે. સુરકા ગામથી પડવા ગામનો રસ્તો,
ગામ–સુરકા, તા.જિ.ભાવનગર. ... ... .....પ્રતિવાદી.

**બાબત**: **લેણી રકમ વસુલ લેવા માટે દાવો.**

**વાદી તરફે : વિધ્વાન વકીલ શ્રી ડી.સી.ચુડાસમા.**
**પ્રતિવાદી તરફે : એક તરફી.**

**–:: ચુ કા દો ::–**

(૧) આ કામે દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે વાદી કંપનીના અધિકારીઓ ધ્વારા તા.૧૯–૧૧–૨૦૧૫ ના રોજ પ્રતિવાદીની મિલકતમાં વીજ ચેકીંગ

કરતાં પ્રતિવાદી પાસે વાદી કંપનીનું કોઈ કાયદેસરનું વીજ કનેકશન હયાત હોવાનું માલુમ પડેલુ નહીં અને પ્રતિવાદી પાવર ચોરી કરતાં હોવાનું અને ૪૫૦ વોટનો લોડ બીનઅધિકૃત રીતે વાપરતા હોવાનું માલુમ પડેલ. આમ પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નહીં હોવા છતાં વાદી કંપનીના પોલ પરથી ડાયરેકટ પાવર ચોરી કરતા હોવાનું માલુમ પડતા તે સંબંધે સ્થળ પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ અને પ્રતિવાદીને ગેરકાયદેસર વીજ વપરાશનું નિયમ મુજબનું બીલ મોકલેલ અને તે બીલની રકમ ભરવા નોટિસ આપવા છતાં પ્રતિવાદીએ વાદીને કોઈ રકમ ભરપાઈ કરેલ ન હોય ચડેલ ડી. પી. સી.ની રકમ મળી કુલ રૂ.૭૪,૦૪૦/– વસુલ મેળવવા વાદી હાલનો દાવો લાવેલ છે. વાદીનું વધુમાં કથન એવુ છે કે વાદી કંપની નિયમિત બુકસ ઓફ એકાઉન્ટ રાખે છે તેમજ વાદી રોજબરોજના વ્યવહારમાં નાણાંકીય મુશ્કેલી તેમજ હાડમારી અનુભવે છે તેથી વાદીને દર વર્ષે દર સેકડે વીજ વપરાશ વગેરેની બાકી રહેતી રકમ પર ૧૮% લેખે વ્યાજની માંગણી કરી દાવા મુજબની દાદ મંજુર કરવા માંગણી કરેલ છે.

(૨) સદર દાવાનો આંક–૫ નો સમન્સ ધારાસર બજી ગયા બાદ કોર્ટ સમક્ષ પ્રતિવાદી પોતે કે તેમના કોઈ પ્રતિનિધિ/વકીલશ્રી હાજર થયેલ નથી કે કોઈ મુદત રીપોર્ટ નહીં આવતા તા.૨૫–૪–૨૦૧૮ ના રોજ વાદીનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ઉપરોકત દાવાનાં કામે આંક–૬ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

1. Whether the plaintiff proves that Rs.74,040-00 are due from the defendant towards electricity charges ?

2. Whether the plaintiff proves that the defendant has committed theft of electric energy ?

3. Whether the plaintiff is entitled to get interest ? If yes, at what rate ?

4. What order and decree ?

(૪) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં
૨. હકારમાં
૩. અંશત: હકારમાં – ૭ % લેખે
૪. આખરી હુકમ અને હુકમનામા મુજબ

(૫) આ કામે વાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો** :-

| સાહેદ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૭ | ફરીયાદી વતી રવિકુમાર સોમદત શર્માનું પુરાવારૂપી સોગંદનામુ |

**દસ્તાવેજી પુરાવો** :-

| અનુ.નં | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૯ | પ્રફોર્મા નં.૧૨ |
| ૨ | ૧૦ | તપાસણી અહેવાલ |
| ૩ | ૧૧ | સ્થળ રોજકામ |

| | | |
|---|---|---|
| ૪ | ૧૨ | એનેક્ષ્ચર–૪ |
| ૫ | ૧૩ | એસેસમેન્ટ રીપોર્ટ |
| ૬ | ૧૪ | વિજચોરી અંગેનું પુરવણી બીલ |
| ૭ | ૧૫ | લીગલ નોટિસ |
| ૮ | ૧૬ | નોટિસ બજી ગયા અંગેની પોસ્ટ ખાતાની પહોંચ |

આ સિવાય વાદી તરફે અન્ય મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વાદી તરફે આંક–૧૭ થી કલોર્જીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૬) આ કામે પ્રતિવાદી તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો પુરતી તક આપવા છતાં રજુ કરેલ નથી.

(૭) વાદી તરફે વિધ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરી છે કે પ્રતિવાદી વાદી કંપનીના નોંધાયેલા ગ્રાહક નથી. વાદી કંપનીના અધિકારીઓ દવારા પ્રતિવાદીના સ્થળે ચેકીંગ કરવામાં આવતા કાયદેસરનું કોઈ વીજ કનેકશન નહીં હોવા છતાં વીજ વપરાશ ચાલુ હોવાનું જણાય આવેલ અને તે સંબંધે તપાસ કરતાં પ્રતિવાદી તેઓની મિલકતની બાજુમાંથી પસાર થતી વાદીની વીજ લાઈનમાંથી ડાયરેકટ પાવર ચોરી કરી વીજ વપરાશ કરતા હોવાનું માલૂમ પડેલ જેથી સ્થળ પર તપાસણી અહેવાલ તૈયાર કરવામાં આવેલ. આ સંજોગોમાં પ્રતિવાદી ગેરકાયદેસર વીજ ચોરીના બીલની રકમ તથા ડી.પી.ચાર્જની રકમ ચુકવવા જવાબદાર હોવા છતાં અને તેઓની પાસે સદર રકમની અવાર નવાર ઉઘરાણી કરવા છતાં તેમજ વકીલ મારફત નોટીસ આપવા છતાં કોઈ રકમ ભરપાઈ કરેલ ન હોય માંગણી મુજબનો હુકમ કરી આપવા રજુઆત કરેલ છે. તેઓની વધુમાં રજુઆત છે કે વાદીએ દાવાની હકીકત સાબિત કરવા સોગંદનામુ રજુ કરેલ

છે જેને પ્રતિવાદી તરફે પડકારાયેલ નથી. આમ, પ્રતિવાદી કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી કે જવાબ રજુ કરી દાવાનો ઈન્કાર કરેલ નથી કે દાવાને પડકારેલ નથી જેથી દાવા મુજબની રકમ વ્યાજ સાથે પ્રતિવાદી ચૂકવે તેવો હુકમ કરવો જોઈએ.

**<u>મુદ્દા નં.૧ થી ૩.</u>** **<u>–:: કારણો ::–</u>**

(૮) ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય તેની ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સારૂ તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૯) આ કામે વાદી તરફે આંક–૭ થી શ્રી રવિકુમાર સોમદત શર્માનું અદાલત રૂબરૂ પુરાવારૂપી સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં તેઓએ એવુ જણાવેલ છે કે તેઓ વાદી કંપનીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે, તેઓના સબ ડીવીઝનમાંથી હાલનો દાવો દાખલ કરવામાં આવેલ હોય સદર દાવાની રેકર્ડ મુજબની તમામ હકીકતોથી તેઓ સંપૂર્ણ વાકેફ છે. વધુમાં તેઓએ એવુ જણાવેલ છે કે આ કામના પ્રતિવાદી વાદી કંપનીના નોંધાયેલ ગ્રાહક ન હોવા છતાં તા.૧૯–૧૧–૨૦૧૫ ના રોજ સ્થળ પર વીજ ચેકીંગ કરવામાં આવતા તેઓએ પોતાની મિલકતની બાજુમાંથી પસાર થતી વાદી કંપનીની હળવા દબાણની વીજલાઈનના પોલ ઉપરથી ગેરકાયદેસર વીજ ચોરી કરી વપરાશ કરતા હોવાનું માલુમ પડતા વાદીના સક્ષમ અધિકારીઓ દ્વારા પ્રતિવાદી સામે નિયમ મુજબ કાર્યવાહી કરેલ છે. દસ્તાવેજી પુરાવામાં વાદી કંપનીના અધિકારીઓની સહી તેઓ

ઓળખે છે. પ્રતિવાદી પાસે લેણી રકમની અનેકવાર ઉઘરાણી કરવા છતાં પ્રતિવાદીએ રકમ ભરપાઈ નહીં કરતા વકીલ મારફત નોટીસ આપેલ તેમ છતાં પ્રતિવાદીએ બાકી નીકળતી લેણી રકમ ભરપાઈ કરેલ નથી. પ્રતિવાદીને ધારાસર સમન્સ બજી ગયા બાદ તેઓ હાજર થયેલ નથી કે જવાબ રજુ કરેલ નથી જેથી તેમની સામે એકતરફી કામ આગળ ચલાવવામાં આવેલ છે. આમ, પ્રતિવાદી પોતે કે તેમના પ્રતિનિધિ–વકીલશ્રી કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી કે જવાબ રજુ કરેલ નથી કે દાવાનો ઈન્કાર કરેલ નથી. આ સાહેદે તેની સોગંદ ઉપરની જુબાનીમાં ઉપર જણાવ્યા મુજબના દસ્તાવેજો આંક–૯ થી ૧૬ સુધીના પુરાવામાં રજુ રાખેલ છે અને દાવા મુજબ દાદ માંગેલ છે. આમ, પ્રતિવાદીએ વાદી કંપનીના પોલ પરથી ડાયરેકટ પાવર લઈ ગેરકાયદેસર વીજ વપરાશ કર્યાનું સ્પષ્ટ માલુમ પડેલ છે. આમ, સદર અધિકારી વાદી કંપનીના ફરજ પરના અધિકારી છે તેમને પ્રતિવાદી સાથે કોઈ અંગત દુશ્મનાવટ હોવાનું જણાતુ નથી તેમજ તેઓને પ્રતિવાદી વિરૂધ્ધ ખોટી રીતે કાર્યવાહી કરવાનું કોઈ કારણ જણાતું નથી. આમ સદરહુ સાહેદે વાદીના દાવાને સમર્થન આપેલ છે અને તેઓની જુબાનીને પ્રતિવાદીએ અદાલતમાં હાજર રહી પડકારેલ નથી કે તેઓની કોઈ ઉલટતપાસ કરેલ નથી. આથી આ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ જણાતું નથી.

(૧૦) આ કામે પ્રતિવાદીને દાવાનો સમન્સ બજી જવા છતાં તેઓ અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે કોઈ રીપોર્ટ કે જવાબ આપેલ નથી જેથી તેમની સામે દાવો એકતરફી આગળ ચલાવવામાં આવેલ. ત્યારબાદ પણ

પ્રતિવાદીએ કોર્ટ સમક્ષ હાજર થઈ વાદીના દાવાને કે દસ્તાવેજોને પડકારેલ નથી તેમજ અદાલતમાં કેસ ચલાવતા સમયે પ્રતિવાદીનો પોકાર કરવા છતાં વાદીના સાહેદની ઉલટતપાસ કરવા પણ પ્રતિવાદી તરફે કોઈ હાજર રહેલ નથી. જેથી વાદીની હકીકતો નહીં માનવા માટે કોઈ કારણ નથી. આ સંજોગોમાં વાદી પ્રતિવાદી પાસે તેની દાવા વાળી રકમ લેણી થતી હોવાનું પુરવાર કરવામાં સફળ થતા હોવાનું જણાય છે અને તેથી **મુદ્દા નં.૧–૨** નો જવાબ તે રીતે ''**હકારમાં**'' આપવામાં આવે છે.

(૧૧)ઉપરોકત હકીકત જોતા વાદી પ્રતિવાદી પાસેથી બીલની રકમ તથા વિલંબીત ચાર્જની રકમ મેળવવા હકકદાર થાય છે. પરંતુ વાદીએ દાવાવાળી રકમ ઉપર દાવા તારીખ થી તે વસુલ થતા સુધી ૧૮% ના વ્યાજની માંગણી કરેલી છે. પરંતુ વાદી તેવુ વ્યાજ કયા આધારે મેળવવા હકકદાર છે તેવી કોઈ હકીકત દાવામાં કે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી. જેથી નામ.સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત તથા પ્રવર્તમાન વ્યાજના દરો જોતા વાદીને દાવાની તારીખથી મુદ્દલ રકમ પર વાર્ષિક ૭ % (સાત ટકા) લેખે સાદુ વ્યાજ દાવાવાળી રકમ વસુલ થતાં સુધી અપાવવું જોઈએ તેમ મારૂં માનવુ છે. આ સંજોગોમાં **મુદ્દા નં.૩** નો જવાબ **અંશત: હકારમાં** આપી, **મુદ્દા નં.૪** અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

૧. વાદીનો દાવો આથી ખર્ચ સહીત અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના પ્રતિવાદી પાસેથી વાદીની લેણી નીકળતી બીલની રકમ રૂા.૭૪,૦૪૦–૦૦ (અંકે રૂપિયા ચુમ્મોતેર હજાર ચાલીશ પુરા) દાવા

તારીખથી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૭ % (સાત ટકા) ના વ્યાજ સાથે પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકતથી વસુલ મેળવી શકે તેવું વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધમાં હુકમનામુ કરી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૩. વાદીના દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ચૂકવવો, જયારે પ્રતિવાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવું.

ચુકાદો, આજ તા.૧૨'મી, માહે–જુન, સને.૨૦૧૮ ના રોજ, ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર
તા : ૧૨–૦૬–૨૦૧૮.

**(એ.પી.કંસારા)**
**સ્પે.જજ (ઈલે. એકટ હેઠળ સ્થપાયેલી કોર્ટ)**
અને ૮'માં એડી.ડીસ્ટ્રીકટ જજ
ભાવનગર.
કોડ નં.જી.જે.૦૦૪૦૯.

**Bhargav**